NEW JERSEY
CAPITAL
ACCESS
FUND

# FAQ

કોઈ પ્રશ્ન છે? અમે મદદ
કરી શકીએ છીએ.

# FAQ

NEW JERSEY CAPITAL ACCESS FUND

## શું મારો નાનો વ્યવસાય આ લોન માટે પાત્ર છે?

NJ Capital Access Fund લોન માટે પાત્ર બનવા માટે, નાના વ્યવસાયે નીચેની વિગતવાર જરૂરિયાતોને પૂર્ણ કરવી આવશ્યક છે. કૃપા કરીને નોંધ લેશો કે પૂર્વ-અરજી પૂર્ણ થવી જોઈએ અને સૌથી વધુ માલિકી હિત ધરાવતા વ્યવસાયના માલિક અથવા બિન-નફાકારકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અથવા સમકક્ષ વરિષ્ઠ અધિકારી દ્વારા સુપરત થવી જોઈએ. 20% થી વધુ માલિકી ધરાવતા તમામ માલિકોએ પૂરી પાડવામાં આવેલી માહિતીને પ્રમાણિત કરવાની રહેશે.

પૂર્વ-પાત્રતા જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે, તમારા વ્યવસાય અથવા બિનનફાકારક માટે મહત્ત્વપૂર્ણ છે:

- ન્યુ જર્સી રાજ્યમાં કાર્યરત હોય
- 50 કરતાં ઓછા કર્મચારીઓ હોય
- $10 મિલિયન અથવા તેનાથી ઓછી વાર્ષિક આવક ધરાવતા હોય
- અરજીની તારીખથી ઓછામાં ઓછા એક વર્ષ પહેલાં વ્યવસાયમાં કાર્યરત હોય
- રોકડ પ્રવાહ દ્વારા લોન ચૂકવવાની ક્ષમતા દર્શાવે

## અરજી કરવા માટે મારે ન્યુ જર્સીના રહેવાસી હોવું જરૂરી છે?

હા, લાયક બનવા માટે સંસ્થાઓ ન્યૂ જર્સીમાં હાલમાં કાર્યરત હોવા જરૂરી છે અને લોનની આવકનો ઉપયોગ ન્યૂ જર્સીમાં સંસ્થાની પ્રવૃત્તિઓને આગળ વધારવામાં થવો જોઈએ.

## શું ચોક્કસ પ્રકારના વ્યવસાયો આ પ્રોગ્રામ દ્વારા લોન માટે અયોગ્ય છે?

હા. અયોગ્ય વ્યવસાય પ્રવૃત્તિઓમાં શામેલ છે, પરંતુ તે આના સુધી મર્યાદિત નથી:

- અસ્થાયી વેપારીઓ
- ક્રિસમસ ટ્રીના વેપારીઓ
- આઉટડોર સ્ટોરેજ પ્રદાતાઓ
- અમુક CDFI અને ટ્રાઈબલ એન્ટરપ્રાઈઝ ધિરાણકર્તાઓ સિવાયના ધિરાણકર્તાઓ
- જુગારની સુવિધાઓ સહિત જુગારના ધંધાઓ
- નીચેના પ્રશ્ન હેઠળ સૂચિબદ્ધ કોઈપણ અયોગ્ય વ્યવસાય પર્વૃત્તિઓમાં રોકાયેલા વ્યવસાયો

છેલ્લા 10 વર્ષમાં $10,000 થી વધુના બાકી વેરાના પૂર્વાધિકાર અથવા ચુકાદાઓ ધરાવતા કોઈપણ લોન અરજદાર જ્યાં સુધી સક્રિય ચુકવણી પ્લાન અમલમાં ન હોય ત્યાં સુધી અરજી કરવા માટે અયોગ્ય છે. કોઈપણ લોન અરજદાર કે જે સક્રિય નાદારી ધરાવે છે અથવા છેલ્લા 36 મહિનામાં પુન: કબજો અથવા ફોજદારીનો વિષય છે તે પણ અયોગ્ય છે.

## શું મને અમુક પ્રવૃત્તિઓ માટે લોનનો ઉપયોગ કરવાથી પ્રતિબંધિત કરવામાં આવશે?

હા. અયોગ્ય વ્યવસાયોમાં શામેલ છે, પરંતુ તે આના સુધી મર્યાદિત નથી:

- બાંધકામ, રીનોવેશન અથવા ભાડૂત સુધારણા
- સાધનો અને/અથવા મશીનરી ધિરાણ
- "પુખ્ત" (એટલે કે, પોર્નોગ્રાફીક, અશિષ્ટ, કામુક, અશ્લીલ અથવા અન્યથા તેવું અપ્રતિષ્ઠિત) પ્રવૃત્તિઓ, સેવાઓ, ઉત્પાદનો અથવા સામગ્રીનો કોઈપણ સંગ્રહ
- ઉપદ્રવનો ઉદ્ભવ કરતી કોઈપણ પર્વૃત્તિ
- લોબિંગ પ્રવૃત્તિઓ
- સિક્યોરિટીની ખરીદી
- કોઈપણ હરાજી, નાદારી, આગ, "લોસ્ટ અવર લીઝ (નાદારી)", "વ્યવસાય નિષ્ક્રિય થવો", અથવા સમાન વેચાણ અથવા પર્વૃત્તિઓ
- નિષ્ક્રિય રિયલ એસ્ટેટ રોકાણ
- પિરામિડ વેચાણ યોજનાઓ
- વ્યવસાયના કોઈપણ માલિક પાસેથી માલિકીના કોઈપણ ભાગની ખરીદી
- સટ્ટાકીય પ્રવૃત્તિઓ કે જે ભાવમાં વધઘટથી નફો મેળવે છે
- સંઘ અને/અથવા ન્યુ જર્સીના કાયદા દ્વારા પર્તિબંધિત પર્વૃત્તિઓ

# FAQ

## હું મારી લોનનો ઉપયોગ શાં માટે કરી શકું?

NJ Capital Access Fund લોનનો ઉપયોગ વેતન, સપ્લાય, ભાડું, ઉપયોગિતાઓ, માર્કેટિંગ અને પ્રચાર અને અન્ય વ્યવસાય ખર્ચ સહિતની વ્યવસાયિક જરૂરિયાતોની સંપૂર્ણ શ્રેણી માટે થઈ શકે છે. જ્યારે તમે તમારી અરજી પૂર્ણ કરો ત્યારે તમારે લોનની આવકના તમારા સૂચિત ઉપયોગનું વર્ણન કરવાની જરૂર પડશે.

## શું NJ Capital Access Fund લોન ક્ષમાપાત્ર છે?

આ ક્ષમાપાત્ર લોન નથી. NJ Capital Access Fund ઋણધારકો પાસેથી લોનની સંપૂર્ણ રકમ તેમના જણાવેલ વ્યાજ દરે ચૂકવવાની અપેક્ષા રાખશે.

## લોનની શરતો શું છે?

- 36 થી 60-મહિનાની ચુકવણીના સમયગાળા વચ્ચે
- લોનની રકમ $250,000 સુધી
- કોઈ ઓરીજનેશન (પ્રારંભ) ફી નથી
- કોઈ પૂર્વચુકવણી દંડ નથી
- લોનના જીવનકાળ માટે નિશ્ચિત, સ્પર્ધાત્મક વ્યાજ દર*
- કોઈ ચોક્કસ કોલેટરલની જરૂર નથી

*વ્યાજ દર લોનની લંબાઈ (સમયગાળા) દ્વારા નક્કી કરવામાં આવે છે. દરો વૉલ સ્ટ્રીટ જર્નલ પ્રાઇમ રેટ + 1% થી શરૂ થાય છે અને 12% ને નહિ વટાવે.

## બિનનફાકારક, સામુદાયિક ધિરાણકર્તાઓ કોણ છે?

- Accion Opportunity Fund (એક્સીઓન ઓપોર્ચ્યુનિટી ફંડ)
- Ascendus (એસેન્ડસ)
- Grow America Community Impact Loan Fund (ગ્રો અમેરિકા કોમ્યુનિટી ઇમ્પેક્ટ લોન ફંડ)
- Pursuit (પર્સ્યુટ)

## શું મારે કોલેટરલની જરૂર છે?

પાત્ર બનવા માટે કોઈ ચોક્કસ કોલેટરલની જરૂર નથી. તમારે કોઈ ચોક્કસ રિયલ એસ્ટેટ અથવા સાધનોની ઉપલબ્ધી જરૂરી નથી. જો કે, ધંધાકીય અસ્કયામતો પર બ્લેન્કેટ લીયન (પૂર્વાધિકાર) દાખલ કરવામાં આવશે. 20% થી વધુ વ્યવસાય ધરાવતા વ્યક્તિઓ પાસેથી વ્યક્તિગત ગેરંટી પણ જરૂરી રહેશે.

## શું મારે કોઈ ફી ચૂકવવાની જરૂર છે?

તમે કયા ધિરાણકર્તા સાથે કામ કરો છો તેના આધારે, તમારે $750 જેટલા કેટલાક કલોઝિંગ કોસ્ટ (ખર્ચ) ચૂકવવાની જરૂર પડી શકે છે. આ ફીમાં UCC ફાઇલિંગનો ખર્ચ, ક્રેડિટ રિપોર્ટ ખર્ચ અને અરજી ફી આવરી લેવામાં આવે છે. ઑરિજિનેશન ફી અથવા પ્રિપેમેન્ટ ફી સહિત અન્ય કોઈ ફી ચૂકવવાની જરૂર રહેશે નહીં, છતાં જો તમે તમારી લોન સમયસર ચૂકવો નહીં તો લેટ (વિલંબ) ફી લાગુ થઈ શકે છે.

## જો હું પ્રી-પેમેન્ટ કરું તો શું મારે દંડ ચૂકવવાનો રહેશે?

ના. ઋણધારકો કોઈપણ સમયે દંડ અથવા ફી વગર લોનની પૂર્વ ચુકવણી કરી શકે છે.

## જો હું અરજી કરવા પાત્ર થાઉં તો શું મને લોન માટે મંજૂરીની ખાતરી આપવામાં આવશે?

ના. અરજીઓની સંખ્યાના આધારે, શક્ય છે કે બધા અરજદારો લોન મેળવી શકશે નહીં. અરજીઓની ઝડપી ધોરણે સમીક્ષા કરવામાં આવશે. વધુમાં, તમામ લોન અન્ડરરાઇટિંગ (લેખિત) સમીક્ષા અને સહભાગી સામુદાયિક ધિરાણકર્તાઓ દ્વારા મંજૂરીને આધીન છે, જેઓ તેમના પોતાના ધિરાણ નિર્ણયો માટે જવાબદાર છે.

મહેરબાની કરીને નોંધ કરો કે સંભવિત ધિરાણકર્તા સાથે મેચ થવું એ ધિરાણ માટે ઓફર અથવા પ્રતિબદ્ધતા નથી. તમામ દરો અને લોનની શરતોમાં ફેરફાર થઇ શકે છે.

## જો મારે લોનની અરજીમાં મદદની જરૂર હોય તો શું કરવું?

અમારા સામુદાયિક ધિરાણકર્તાઓ અરજીનાં દરેક પગલામાં તમને મદદ કરવા માટે ઉપલબ્ધ છે અને જો જરૂરી હોય તો તમને વધારાની સહાય સેવાઓ સાથે જોડવામાં આવી શકે છે.

# FAQ

## અરજી કરવા માટે કઈ કઈ માહિતીની જરૂર રહેશે?

તમારી સંપૂર્ણ લોન અરજીના ભાગ રૂપે, તમારે સામુદાયિક ધિરાણકર્તાને નીચેના દસ્તાવેજો પ્રદાન કરવાની જરૂર રહેશે:

- સહવર્તી નોંધો સાથે લોન અને સુરક્ષા કરાર
- વ્યવસાયિક એકમોની કાનૂની રચનાના પુરાવા (નિગમની કલમો અને/અથવા પેટાનિયમો)
- માલિકીની અનુસૂચી (નામ, સરનામું, સામાજિક સુરક્ષા નંબર અથવા કર ઓળખ નંબર, ફોન નંબર, ઇમેઇલ, 20% થી વધુ માલિકી ધરાવતા કોઈપણ માલિકોની ટકાવારી માલિકી)
- નાના વ્યવસાયના 20% થી વધુ માલિકીની કોઈપણ વ્યક્તિની વ્યક્તિગત ગેરંટી
- દરેક ગેરેંટર માટે વ્યક્તિગત ક્રેડિટ ચેક જરૂરી છે. નોંધ: લોનની અરજી કરવા માટે કોઈ લઘુત્તમ કરે્ડિટ સ્કોર જરૂરી નથી.
- જો ઉપલબ્ધ હોય અને ધિરાણકર્તા દ્વારા જરૂરી હોય તો સૌથી તાજેતરમાં ફાઈલ કરેલ બે ટેક્સ રિટર્ન; જો ઉપલબ્ધ ન હોય તો, આંતરિક રીતે જનરેટ કરેલ નાણાકીય નિવેદનો અથવા આવકના અન્ય પુરાવા
- એક્ઝિક્યુટેડ બોરોઅર એટેસ્ટેશન ફોર્મ અને SEDI-માલિકીનું વ્યવસાય પ્રમાણપત્ર (ધિરાણકર્તા દ્વારા પ્રદાન કરવામાં આવશે)
- લીઝ કરાર અને/અથવા તાજેતરના યુટિલિટી બિલની નકલ (જો ધિરાણકર્તા દ્વારા લાગુ હોય અથવા જરૂરી હોય તો)
- તાજેતરનું ન્યૂ જર્સી ટેક્સ ક્લિયરન્સ પ્રમાણપત્ર
- બેનિફિટ્સ એફિડેવિટનું ડુપ્લિકેશન (ધિરાણકર્તા દ્વારા પ્રદાન કરવામાં આવશે)
- અરજીના સમયે અથવા પછી સામુદાયિક ધિરાણકર્તા દ્વારા જરૂરી અન્ય દસ્તાવેજો

સહભાગી સામુદાયિક ધિરાણકર્તા જરૂરી દસ્તાવેજો એકત્રિત કરવા, કોઈપણ ધિરાણની તપાસ કરવા અને અરજીની સમીક્ષા પ્રક્રિયાને અંતિમ સ્વરૂપ આપવા માટે તમારો સંપર્ક કરશે.

## મારી પૂર્વ-અરજી સુપરત કર્યા પછી શું થશે?

જો તમે પ્રારંભિક પાત્રતાની જરૂરિયાતોને પૂર્ણ કરો છો, તો પૂર્વ-અરજી પૂર્ણ કર્યા પછી તમને એક અથવા વધુ બિનનફાકારક સામુદાયિક ધિરાણકર્તાઓ સાથે મેચ કરવામાં આવશે અને તમે જેની સાથે કામ કરવા માગો છો તેની બાજુમાં "કનેક્ટ કરો" ક્લિક કરવાની જરૂર રહેશે. પછી તમારો વ્યવસાય લોન માટે તૈયાર છે કે કેમ તે નિર્ધારિત કરવા માટે ધિરાણકર્તાઓ વધારાના દસ્તાવેજોની વિનંતી કરશે. જો એવું હોય, તો તેઓ તમારા વ્યવસાય માટે શ્રેષ્ઠ અનુરૂપ છે તે લોનની શરતો નક્કી કરશે.

## શું હું એક કરતા વધારે વાર લોન માટે અરજી કરી શકું?

અરજદારોએ માત્ર એક પૂર્વ-અરજી સુપરત કરવાની રહેશે. ઋણધારકોને New Jersey Capital Access Fund માંથી બહુવિધ લોન મેળવવાથી પ્રતિબંધિત કરવામાં આવશે નહીં, પરંતુ વધારાની લોન મંજૂર કરવી તે મૂળ ધિરાણકર્તાઓ પર નિર્ભર છે. ઋણધારકો પાસે કોઈપણ સમયે ઓપન લોન માટે માત્ર એક જ અરજી હોવી જોઈએ. દરેક લોનમાં આવકનો અલગ, નિર્ધારિત ઉપયોગ હોવો જોઈએ અને આવી લોન કોઈપણ લાગુ પડતી મહત્તમ અથવા લઘુત્તમ માત્રા અથવા અન્ય નિયમો અને શરતોને આધીન હોવી જોઈએ.

## જો મારે ચુકવણી બાકી રહી જાય તો શું થશે?

જો તમે સમયસર લોનની ચુકવણી ન કરો, તો તમારી લેટ ફીની ગણતરી થઈ શકે છે. ચૂકવણી કરવામાં નિષ્ફળતાના પરિણામે લોન ડિફોલ્ટ જાહેર થઈ શકે છે. લોન અરજી પ્રક્રિયા દરમિયાન, તમારા સામુદાયિક ધિરાણકર્તા તમારા લોન કરારની સંપૂર્ણ શરતોની ચર્ચા કરશે તેની ખાતરી કરવા માટે કે તમે મોડી ચૂકવણી અને ડિફોલ્ટ્સ સંબંધિત વિગતો સમજો છો.

NEW JERSEY CAPITAL ACCESS FUND

વધુ જાણો

## NJCapitalAccessFund.com

NJEDA
ECONOMIC DEVELOPMENT AUTHORITY

**અસ્વીકરણ:** મર્યાદિત માત્રામાં ફંડ ઉપલબ્ધ હોવાને કારણે અને અપેક્ષિત અરજીઓની ઉચ્ચ માત્રાને કારણે, બધા અરજદારોને લોન મળી શકશે નહીં. અમે શક્ય તેટલી વહેલી તકે અરજી કરવાની ભલામણ કરીએ છીએ. અરજીઓની સમીક્ષા ઝડપી ધોરણે કરવામાં આવશે અને પ્રોગ્રામના લક્ષ્યોને સમર્થન આપવા માટે સંચાલિત કરવામાં આવશે. અરજી પર પ્રક્રિયા કરવામાં લાગતો સમય મેળ ખાતી બિન-નફાકારક ધિરાણકર્તા દ્વારા પ્રાપ્ત થયેલી અરજીઓની માત્રા પર આધારિત છે. **કૃપા કરીને નોંધ કરો કે અરજી સુપરત કરવી એ યોગ્યતાનો સંકેત નથી અને તેનો અર્થ એ નથી કે લોન મંજૂર કરવામાં આવશે અથવા ફંડ પૂરું પાડવામાં આવશે.**

તમારી અરજીમાં વધારાની માહિતીની વિનંતી કરવામાં આવશે જે લોન માટેની તમારી યોગ્યતા નક્કી કરશે. તમામ દરો અને લોનની શરતોમાં ફેરફાર થઇ શકે છે. આ પ્રોગ્રામ દ્વારા ઉપલબ્ધ લોન એ ફક્ત વ્યવસાયિક લોન છે અને વ્યક્તિગત, કુટુંબ અથવા ઘરગથ્થુ હેતુઓ માટે લોન નથી.